સુરતના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (બીજી કોર્ટ) સાહેબની કોર્ટમાં, સુરત

ફો.કેસ નંબર –

ફરીયાદી : શ્રી સરકાર

આંક – ૪

વિરુધ્ધ

આરોપી :

ઉમર વર્ષ ધંધો રીક્ષા ડ્રાયવર

રહેવાસી અઠવા. સુરત

## ગુન્હો – ભારતીય દંડ સંહિતાની, ૧૮૬૦ ની કલમ – ૨૮૩ મુજબ

**: ચુકાદો :**

૧. ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપીએ બનાવ સ્થળે અને સમયે પોતાનુ વાહન જાહેર રોડ પર જાહેર સ્થળેટ્રાફીકને અડચણ થાય તથા રાહદારીને અડચણ થાય તે રીતે ભયજનક સ્થિતીમાં મુકી તમો આરોપીએ, ઇ.પી.કો. ની કલમ – ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે.

૨. આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યારબાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીની પ્લી લઇ તેને પુછ્તા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આરોપીએ કરેલી કબુલાતએ કોઇના દાબ, દબાણ વીના સ્વખુશીએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઇ કારણ જણાતુ નથી. આરોપીને સજા અંગે પૂછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યકત કરી દયાની માંગણી કરે છે.ઉપરોકત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરુ છુ.

– : હુકમ :–

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.ની કલમ – ૨૫૨ હેઠળ ઇ.પી.કો.ની કલમ – ૨૮૩ મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીને રૂ. ૨૦૦/– અંકે રૂપિયા બસો પુરાનો દંડ, જો દંડ ના ભરે તો દિન– ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો નિયમ મુજબ ખરાઇ કરી નિકાલ કરવો.

હુકમ આજરોજ તારીખ ૦૮ મી ડિસેમ્બર સને ૨૦૧૮ નાં રોજ અદાલતમાં જાહેર કર્યો.

તારીખ 08/12/18

સ્થળ સુરત

(કલ્પેશ મનોહરલાલ પંડીત)

જે.એમ.એફ.સી,બીજી કોર્ટ,

UIC-GJ00338